


## વડીલોને વંદન અભિનંદન



અમૃતલાલ ગોવર્ધનરામ ત્રિવેદી (૧૯૨૮)ફોન:૨૩૨૪૧૫૨૪



દિનેશભાઈ શાંતિલાલ દેસાઈ (૧૯૩૬) ફોન : ૨૫૪૩૦૬૩૧



રમણલાલ મકવાણા (૧૯૩૫) મો.૯૪૨૯૦૨૮૪૮૪

# પ્રાંતિજમાં સ્વચ્છતાના નામે 'શૂન્ય' ઠેર ઠેર ગંદકી અને કચરાના ગઢ

પ્રાંતિજ, તા.૨૦


મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લા કલેકટર દ્વારા સમગ્ર જિલ્લાને સ્વચ્છતા અભિયાનમાં કચરા મુકત કરી ડસ્ટ ફ્રી અને હરિયાળો બનાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ પ્રાંતિજ તાલુકામાં હજુ સુધી આ સ્વચ્છતા અભિયાનમાં તાલુકાના સફાઈની માંગ કરી રહ્યા છે.

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલા વિવિધ વિસ્તારોમાં હજુ પણ સ્વચ્છતા અંગે માત્ર મીંડુ જ દેખાય છે શહેરમાં નગરપાલિકાના દવાખાના સામે, હજામચોરા, હજામ ચોરામાં મંદિર અને મસ્જીદ સહિતના અનેક ઠેકાણે કચરાના ગઢ સ્પષ્ટ દેખાય છે. ગંદકી અને કચરાના છતાં સ્થાનિક વહીવટી તંત્ર આ સમગ્ર મામલે વાકેફ હોવા છતાં આંખ આડા કાન કરી સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડાડી રહ્યા છે. નગરપાલિકામાં રૂ. ૫૦ લાખ થી પણ વધારેના સફાઈ માટેના સાધનો અને ૫૦ જેટલા સફાઈ કામદારો હોવા છતાં સફાઈના મામલે આટલી આળસ કેમ? તે પ્રશ્ન નગરજનોને



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સત્તાધિશો અને અધિકારીઓને કંઈ જ પડી ના હોય તેમ દેખાઈ રહ્યું છે. જેથી શહેરના વિવિધ વિસ્તારોમાં ગંદકી અને કચરાના ગઢ યથાવત સ્પષ્ટ દેખાઈ રહ્યા છે અને રહીશો તંત્ર સમક્ષ રોષે ભરાયા છે અને ઢગલાના લીધે આસપાસના વેપારીઓ અને રાહદારીઓ પરેશાન થઈ ગયા છે જયારે આ કચરાના ઢગમાં ગાય, કુતરા જેવા પશુઓનો જમાવડો થતા માર્ગની આસપાસ દરરોજ ટ્રાફિક જામના દશ્યો પણ સર્જાય છે. તેમ સમજાતો નથી. ઠેર ઠેર ગંદકી અને કચરાના ગઢ થતા સ્થાનિક રહીશો અને વેપારીઓમાં રોષ જોવા મળ્યો છે અને જિલ્લા કલેકટર આ સંદર્ભે અધિકારી અને પદાધિકારીઓ સામે કડક કાર્યવાહી કરે તેવી માંગ કરી રહ્યા છે.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા માં સર્વ શિક્ષા અભિયાન બનાસકાંઠા અને બી, આર, સી, ડીસા દ્વારા વિકલાંગ બાળકો નો એસેસમેન્ટ કેમ્પ યોજવા માં આવ્યો હતો,આ કેમ્પ માં વિકલાંગ બાળકો ને સાધન -સહાય અપાઈ હતી. ડીસા તાલુકા અને દાંતીવાડા તાલુકાના શારારિક વિકલાંગતા ધરાવતા અને સાંભળવાની ખામી ધરાવતા ૬ થી ૮ વર્ષના વિકલાંગ બાળકો નો એસેસમેન્ટ કેમ્પ સર્વ શિક્ષા અભિયાન બનાસકાંઠા અને બી, આર, સી, ડીસા દ્વારા ડીસા ખાતે યોજાયો હતો, આ કેમ્પ માં શારારિક ખોડ ખાપણ વાળાં કુલ ૨૫૦ બાળકો ને જયારે ૯૫ સાંભળવાની ખામી ધરાવતા બાળકો ને સુપર સ્પેશ્યાલીસ્ટ તબીબો દ્વારા ચકાસવામાં આવ્યા હતા, અને જે બાળકો ને સાધન સહાય ની જરૂરીયાત હોય તેમને સહાય આપવા ભલામણ કરાઈ હતી,આમ, ડીસા માં વિકલાંગ બાળકો નો એસેસમેન્ટ કેમ્પ યોજાતા અનેકો જરૂરીયાત વાળાં બાળકો સાધન સહાય મેળવી શકશે

# મોડાસા સબજેલમાં સરદાર કથા યોજાઈ

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માલપુર રોડ ઉપર આવેલી જેલમાં રહેલા કેદીઓને મનમાં રહેલી ગુનાહીત પ્રવૃત્તિઓ સમાજ તરફી બદલાય અને રાષ્ટ્રભાવના કેળવાય તેવા ઉમદા હેતુથી લાયન્સ કલબ દ્વારા મોડાસા સબ જેલમાં જાયન્ટસ ફેડરેશન શ્રી સી ના સહયોગથી સરદાર કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી સબજેલના કેદીઓને માનસિક બદલાવ આવે અને સમાજને ઉપયોગી બને એટલા માટે ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ એ ભારત દેશ માટે આપેલા બલિદાન અને ભારત દેશને અખંડિત રાખવાના પ્રયત્નો કર્યા હતા તેમજ અખંડ ભારતના શિલ્પીના પ્રણેતા તથા ભારત દેશમાં વિભાજીત અસંખ્ય રજવાડાઓને એકત્રીકરણ કરી ભારત દેશનુ નિર્માણ કર્યું હતું. તેમજ ભારત દેશનો વિકાસ



ઝડપી થાય તેવા પ્રયત્નો કર્યા હતા. આવા વિર પુરુષની પુણ્યતિથિ મોડાસા સબજેલના કેદીઓમાં દેશ માટે અને પોતાના સમાજ માટે રાષ્ટ્રભાવના અને સમાજભાવના કેળવાય અને પોતે કરેલી જાણે કે અજાણે ભૂલોમાંથી સુધારીકરણની ભાવનામાં પરિવર્તન આવે અને પોતે આચરેલ ગુનાઓમાંથી બોધપાઠ લઈ ગુનાહિત માનસિકતા ત્યજીને સમાજને ઉપયોગી અને પોતાના પરિવારને ઉપયોગી થઈ સહભાગી બની પોતાની જીંદગીમાં હવે પછી કોઈ પણ ગુનો ના આચરે તેવા ઉમદા હેતુથી તેમના જીવનમાં સરદારજી વિચારોમાંથી પ્રેરણા મળે તે માટે સરદાર કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાયન્સ કલબના પ્રમુખ પ્રવિણ પરમાર, ફેડરેશન શ્રી સીના ઉપપ્રમુખ નિલેષ જોષી, વિહપના પ્રમુખ કિરીટભાઈ શાહ, રામાભાઈ પટેલ, લાયોનેસ મરીનાબેન પારેખ, જેસીઝ મિલ્ક કમિટીના પ્રમુખ નવનીત પરીખ, લાયન્સ કલબના સભ્યો હાજર રહ્યા હતા. મોડાસા સબજેલના જેલર એસ.એસ. પંચાલએ સરદાર કથામાં ભાગ લીધેલા ૯૬ કેદીઓ આ કથામાંથી બોધપાઠ લઈ પોતાની જીંદગીનો પાછળનો ભૂતકાળ ભૂલી જઈ આવનારા સમયમાં સારા કાર્યો કરે અને સમાજને ઉપયોગી બનશે તેવી આશા વ્યકત કરી હતી.

## વસ્ત્રાલમાં એક્ટિવા-બાઈક ટકરાતા એકનું કરૂણ મોત થયું

અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા ન્યુ આરટીઓ રોડ પર ગત રાત્રે બાઈક લઈને પસાર થઈ રહેલા એક વ્યકિતને રોંગ સાઈડમાંથી આવી રહેલા એક્ટિવા ચાલકે ટક્કર મારતાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડયા બાદ તેનું મોત થયું હતું.

એક્ટિવા ચાલકને પણ ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવાયો હતો પોલીસ આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવ અંગેની વિગત એવી છે કે વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા શ્રીએપમેટિકા ખાતે લલિતભાઈ પોતાના પરિવાર સાથે રહે છે ગત રાત્રે લલિતભાઈ પોતાનું બાઈક લઈને ન્યુ આરટીઓ રોડ પર આવેલી નિજાનંદ પાર્ક સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યાં હતા તે દરમિયાનમાં રોંગસાઈડમાંથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક્ટિવા ચાલકે લલિતભાઈના બાઈકને જોરદાર ટક્કર મારી હતી જેના કારણે લલિતભાઈ નીચે પટકાંતા તેમના શરીરના ભાગે ગંભીર ઈજા હતી.

# છરા, લેપટોપ, મોબાઈલની સાથે બે ગુનેગારો પકડાયા

## બાતમીના આધારે રખિયાલ વિસ્તારમાંથી ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૨૦

ધારદાર છરા, બે લેપટોપ તથા ૧૦ મોબાઈલ ફોન સાથે બે કુખ્યાત અને રીઢા ગુનેગારોની ધરપકડ કરી લેવામાં આવી છે. તેમની પાસેથી ૧૭૯૮૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તેમની ધરપકડ બાદ પુછફરછ કરવામાં આવતા આઠથી વધુ ગુનાનો ભેદ ઉકેલાયો છે. રખિયાલ વિસ્તારમાં તેમને પકડી પાડવામાં આવ્યા છે.

મળેલી માહિતી મુજબ પકડાયેલા આરોપીઓ પૈકી (૧) સંજય ઉર્ફે લોખંડ સુખદેવ બિલાડ નાનો અગાઉ બાપુનગર રખીયાલ, નરોડા, રામોલ પોલીસ સ્ટેશનમાં રીક્ષા ચોરી બાઈક ચોરી લૂંટ મારામારી તથા પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ હતો તથા. (૨) કિશન કનુભાઈ ઠાકોર નાનો અગાઉ રખીયાલ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ચોરી મારામારી અને પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ છે અને પાસા હેઠળ રાજકોટ જેલમાં જઈ આવેલ છે પકડાયેલ બન્ને આરોપી રીઢા અને બનેલા છે બન્ને આરોપીઓની મોડેસ ઓપરેન્ડીમાં તેઓ રસ્તે જતાં રાહદારીઓને ચપ્પુ બતાવી મોબાઈલ, રોકડ રૂપિયા લૂંટી લેવા તથા રાત્રીના સમયે કોઈ પણ રીતે ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા, દાગીના, મોબાઈલની ચોરી કરવી વાહન ચોરી દુકાનોમાં ચોરી વગેરે ચારીઓ કરતા હોવાનું તપાસ જણાઈ આવેલ છે પકડાયેલ બન્ને આરોપીઓ પોતાના મોજશોખ પુરા કરવા સારું ચોરી તથા લૂંટ જેવા ગંભીર ગુનાઓ આચરતાં હતા. આમ સેક્ટર.૨ શહેરકોટડા બાપુનગર રાણીપ રખીયાલ મણીનગર પોલીસ સેટેશન થી મિલકત સંબંધી ગુનાન આરોપીઓની કુલ્લે કિ. રૂ ૧૭૯.૮૦૦ ઉકેલવામાં ધરપકડ કરી ૮ થી વધુ ગુનાનો ભેદ ઉકેલાયેલ છે અને વધુ ગુનાઓનો ભેદ ઉકેલાવવાનો શકયતા છે તથા પકડાયેલ આરોપીઓના અન્ય તપાસ હાલ ચાલુ છે.

## સીનીયર સીટીઝન રમતોત્સવ માટે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગરમાં યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેર અને જિલ્લા કક્ષાનો સીનીયર સીટીજન રમતોત્સવ-૨૦૧૪નું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આ રમતોત્સવમાં ભાગ લેવા માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા અરજીઓ મંગાવવામાં આવી છે.

ગાંધીનગર શહેર મહાનગરપાલિકા જિલ્લા કક્ષાના સીનીયર સીટીઝન રમતોત્સવ-૧૪ માં વિવિધ રમતો જેવી કે એથ્લેટીકસ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, ક્રિકેટ અને રસ્સાખેંચ વગેરે રમતોની સ્પર્ધા રમાડાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૨૬મી ડિસેમ્બર સુધીમાં સે-૩૦માં બ્લોક નં. ૧૯૦/૨, ગ-૧ ટાઈપ ખાતે આવેલ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીએ મોકલી આપવાની છે.

# લઘુત્તમ તાપમાનમાં સતત ફેરફાર વચ્ચે ડિસામાં ૭.૬

## ઠંડી અને ગરમીનો એકસાથે અનુભવ થઈ રહ્યો છે : નલિયામાં ૯.૫ ડિગ્રી

અમદાવાદ,તા. ૨૦

અમદાવાદ સહિત ગુજરાતભરમાં તમામ વિસ્તારોમાં તાપમાનમાં ઉલ્લેખનીય વધારો થયો હોવા છતાં આજે દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ વચ્ચે લોકોએ સવારમાં ઠંડીનો અનુભવ કર્યો હતો. બપોર બાદ તાપ રહેતા લોકોને રાહત થઈ હતી પરંતુ મોટાભાગે લોકોને ગરમ વસ્ત્રોમાં રહેવાની ફરજ પડી હતી. અમદાવાદમાં આજે તાપમાન વધીને ૧૫.૧ ડિગ્રી થયું હતું જે ગઈકાલે ૧૨.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન હતું. નલિયામાં પણ તાપમાન ૯.૫ ડિગ્રીની સામે આજે વધીને ૧૦.૭ ડિગ્રી થયું હતું. આવી જ રીતે ગાંધીનગરમાં ૧૨ ડિગ્રીની સામે આજે તાપમાન ત્રણ ડિગ્રી વધીને લઘુત્તમ તાપમાન ૧૫ થયું હતું. આનો મતલબ એ થયો કે મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન વધ્યું હોવા છતાં લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. અમદાવાદ માટે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. અમદાવાદ સહિત ગુજરાતમાં હવે લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ઠંડીના કારણે જનજીવનને પણ હવે અસર થઈ છે. સવારમાં ખુબ ઓછો ટ્રાફિક જોવા મળી રહ્યો છે. બીજી બાજુ મોડી સાંજે પણ લોકો માર્ગો ઉપર દેખાતા નથી. અલબત્ત તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ રહી છે. તાપમાનમાં સતત ફેરફારની અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી. હવામાનમાં ફેરફાર માટે જુદા જુદા પરિબળો જવાબદાર રહ્યા છે. નીચલી સપાટી ઉપર ઉત્તરપૂર્વથી પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે.

## શબ્દાવલી - ૫૫૯૫



### આડી ચાવી

૧. ધમપછાડો, કજીયો (૩)
૪. ધીરજ, ધૈર્ય (૪)
૮. વાનગીઓ (૪)
૯. કમળ, પદ્મ (૩)
૧૦. કોથમીરને લીલા... કહેવાય (૨)
૧૧. કાંપીને મારવું તે, ... કરવો (૨)
૧૪. અવાજનો લય, સ્વર (૨)
૧૫. એક ચટપટી વાનગી (૪)
૧૭. પરવા, ફિકર (૨)
૧૯. લડાયક વહાણનો સમુહ(૩)
૨૧. લંબાઈનું એક માપ (૨)
૨૨. હોંશિયાર, પ્રવિણ (૪)
૨૩. જૂનું નહિ તેવુ (૨)
૨૪. દવા (૩)

### ઊભી ચાવી

૧. ઉપરીપણું દાખવવું તે (૫)
૨. બહેરાશપણું, કાનમાં... પડે તે (૨)
૩. વાળ (૩)
૫. રસનો પ્રવાહ (૪)
૬. મહેમાનગતિ (૫)
૭. એક સુગંધી ખાવાલાયક લાકડુ(૨)
૧૨. વઢવું, ગુસ્સાથી બોલવું(૫)
૧૩. આક્રમણ (૩)
૧૬. મુશ્કેલનું અંગ્રેજી (૨)
૧૮. મારપીટ (૪)
૨૦. એક પક્ષી (૩)
૨૧. ગાયન, ગીત (૨)
૨૨. પ્રવેશનો પરવાનો હોય તેવું કાર્ડ (૨)

### શબ્દાવલી ૫૫૯૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) તડપાવવું (૪) ઉશ (૬) લટ (૭) સુંદર (૮) કવાયત (૯) હારમાળા (૧૧) સરવાણી (૧૨) બાધા (૧૪) ભાર (૧૫) અંદર (૧૬) વાનગી (૧૭) ઓળો (૧૮) કળતર

**ઊભી ચાવી :-** (૨) તફડંચી (૨) પાલનહાર (૩) વટ (૪) ઉદય (૫) શરત (૭) સુંવાળા (૮) કમાણી (૧૦) રવાનગી (૧૧) સરવાળો (૧૨) બાદ (૧૩) ધારદાર (૧૫) અંજળ

## અન્યાય ન થાય.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાય છે તે આ સેમિનારમાં ચર્ચા કરવી જોઈએ અને આ અંગે પોલીસ અધિકારીઓએ લીગલ નોલેજ માટે પૂરતી જાણકારી મેળવવી જોઈએ. આ પ્રસંગે રાજયના પોલીસ વડા પી.સી.ઠાકુરે જણાવ્યું હતું કે રેપ વીથ મર્ડર તેમજ અન્ય કેસોમાં જવાબદારીથી ઈન્વેસ્ટીગેશન કરવા પોલીસ અધિકારીઓ તેમજ તપાસ કરતી એજન્સીઓને તાકીદ કરી હતી તપાસ કરતા અધિકારીઓએ ઝીણવટથી ચોકસાઈથી અન્ય ગુન્હા બાબતની હકીકતો ઉપર પણ ધ્યાન રાખવું જોઈએ કોઈએ અન્યાય ન થાય તેમજ તેની છાપ સમાજ માં પણ સારી પડે તે જરૂરી છે આવા સેમિનારો સાથે મળીને કરવા જોઈએ જેથી ઈન્વેસ્ટીગેશન અંગેની જાણકારી મળી રહે અને કોઈને અન્યાય મ થાય આ સેમિનારમાં જસ્ટીસ કે.એસ. ઝવેરી જસ્ટીસ જી.આર. ઉધવાણી., એડીશનલ એડવોકેટ જનરલ પ્રકાશ જાની કાયદા સચિવ આઈ. જે વોરાએ સેમિનારમાં ઈન્વેસ્ટીગેશનબાબતે પોલીસ અધિકારીઓ અને તપાસ એજન્સીઓને માર્ગદર્શન પુરુ પાડવું હતું આ પ્રસંગે આભાર વિધિ ગૃહ સચિવ જી.એસ. મલિકે કરી હતી આ પ્રસંગે રાજયના આઈ.પી.એસ. અધિકારીઓ ડી.વાય.એસ.પી.ઓ પી.આઈ. વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## ટંકને લગાવેલું તાળું... ● ત્રીજા પાનાનું ચાલુ

મુકેલા દર દાગીના અને રોકડ રકમ ગુમ થતા પ્રદિપભાઈ હેબતાઈ ગયા હતા. પેટી ઉપર લગાવેલુ તાળુ હેમખેમ હતુ. પરંતુ અંદરથી ડબ્બો જાદુગરની જેમ ગુમ થઈ જતા હોઈ જાણભેદુએ ડુપ્લીકેટ ચાવી બનાવી ચોરી કરી હોય તેવું લાગતા પ્રદિપભાઈએ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ગત તા. ૧૯ નવેમ્બર બાદ ગઈકાલે તા. ૧૯ એ રૂપિયાની જરૂરિયાત જણાતા ડબ્બો ન દેખાતા ફરિયાદ કરી છે. આ એગેની ફરિયાદ મળતા સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. બોડાણાએ તપાસ હાથ ધરી છે.

## પોતાનું જ ઘર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રો. જ્યોત્સનાબેન યાજ્ઞિક મહીલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગના મુખ્ય સચિવ અનુરાધા મલ, ગુજરાત યુનિ.ના લૉ ફેકલ્ટીના ભૂતપૂર્વ ડીન અશ્વિન એન. કારીયા, સર એલ.એ. શાહ કોલેજના પ્રો. મયુરી પંડ્યા, હાઈકોર્ટના સિનિયર એડવોકેટ હીના દેસાઈ, કાનૂની વિભાગના સચિવ ઓ. એલ. પાંડે ઉપરાંત એન.જી.ઓ.ના સભ્યો તેમજ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુનાઈટેડ સ્કૂલ ઓફ લૉ દ્વારા યોજાયેલ આ સેમિનાર દરમિયાન હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સોનિયાબેન ગોકાણીએ જણાવ્યું હતું કે લોકોના મત મુજબ કોલ સેન્ટરમાં કામ કરતી સ્ત્રીઓ સલામત નથી પરંતુ હકીકત એ છે કે સ્ત્રીઓ માટે પોતાનુ જ ઘર કે જે સૌથી સુરક્ષિત હોવુ જોઈએ તે પણ ઘણીવાર તેમના માટે સૌથી જોખમી સ્થાન સાબિત થઈ રહ્યું છે. ભેદભાવથી બચવા મહીલાઓમાં આત્મવિશ્વાસ હોય તે જરૂરી છે ઘરેલું હિંસાથી બચાવવા માટે ખાસ કાયદો ઘડવો એ સમસ્યાનું સમાધાન લાવવા માટેનો સાચો રસ્તો નથી. તેના કારણે તેઓ વધુ પક્ષપાતી વલણનો ભોગ બને એ શક્ય છે.

પરંતુ હકીકતમાં આવા પક્ષપાતી વલણ સામે લડવા માટે તેમનામાં આત્મ વિશ્વાસ જગાવવો એ જ સાચો ઉપાય છે. જાણીતા લેખક અશ્વિન કારીયાએ પણ આ તબક્કે જણાવ્યું હતું કે દુનિયામાં ૭૫ ટકા સ્ત્રીઓ માર ખાય છે. વિકાસ થયો છે પણ માઈન્ડ સેટ બદલાતો નથી. આપણે ગૃહીણી તરીકેની સેવા ન છીનવાય તેના માટે સજાગ રહીએ છીએ. સ્ત્રીઓને અનુલક્ષી બધા પૂર્વ ગુણો લઈને ફરે છે ત્યારે વિકાસની સાથે માઈન્ડ સેટ પણ બદલાય તે અનિવાર્ય છે. સેમિનાર દરમિયાન યુનાઈટેડ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા 'વોઈસ ઓફ વીમેન' પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ઘરેલુ હિંસાનો અંત લાવવાનો અનુરોધ કરતા વિવિધ પોસ્ટર્લ પણ રજૂ કરવામાં આવ્યા હતા. ડૉ. જ્યોત્સનાબેન યાજ્ઞિકે પણ ઘરેલુ હિંસાના દૂષણને નાબૂદ કરવા સમાજના તમામ વર્ગો સંવેદનશીલતા દાખવે તેમ જણાવ્યું હતું.

## મકાનો તોડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મકાનો દૂર કરવાની નીતિ નક્કી કરવામાં ભારે વિલંબ થતા આ આવાસો હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. થોડા સમય અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયા બાદ તંત્ર દ્વારા તબક્કાવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી જોખમી આવાસો તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. હાલ સે. ૩૦માં 'જ' અને 'જ-૧' કક્ષાના વિવિધ બ્લોક તોડવાું કામ શરૂ કરી દેવાયું છે. સેક્ટરમાંથી નિકાલ હેઠળના ૧ થી વધુ બ્લોક તોડી પાડવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરમાં બ્યુટી ફીકેશનના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. સ્વર્ણિમ પાર્કને નિખારવા ઉપરાંત મહાત્મા મંદિરના પ્રોજેક્ટને અનુલક્ષી કામ ચાલી રહ્યું છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ હાલના તબક્કે સે. ૧૬માં સ્થિત નિકાલ હેઠળના આવાસો તોડવામાં નહી આવે.વાઈબ્રન્ટ બાદ સે. ૧૬ના જોખમી આવાસો દૂર કરવામાં આવશે.

## ધારાસભ્યો ખફા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યું કે જિલ્લાકક્ષાના કાર્યક્રમો અંગેની કલેક્ટર તરીકે તેમની જવાબદારી છે. કદાચ કાર્યભારણમાં કોઈ નાની ક્ષતિ થઈ હોય તો તે ક્ષતિ છે એવુ નહિ પણ જિલ્લાનું ગૌરવ વધે તે રીતે સાથે મળી તેનું નિવારણ કરવુ જોઈએ.

જિલ્લા કલેકટરશ્રીએ હવે પછીના સરકારી કાર્યક્રમોમાં ક્ષતિઓનું પુનરાવર્તન નહિ થાય તેમ જણાવી અને સભાની કાર્યવાહી આગળ ધપાવવાના આદેશો કર્યા હતા. સંકલન સમિતિની આજની બેઠકમાં કોંગીના સભ્ય કામિનીબા રાઠોડે પણ દહેગામમાં યોજાયેલા કાર્યક્રમની વિગતો તેમજ યોજનાની જાણકારી આપતી સીડી જે વિભાગે આપી હતી તે કોરી હોવાનો ઘટસ્ફોટ કરી અને સીડી કલેક્ટરને સુપ્રત કરી હતી.

જિલ્લા સંકલન સમિતિમાં જિલ્લામાં યોજાયેલા સરકારી કાર્યક્રમોની ફરિયાદો પ્રથમવાર ચર્ચામાં આવતાં સમગ્ર તંત્રમાં આજે દિવસ દરમ્યાન ગુફ્તેગો થતી જોવા મળી હતી. જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લાના અધિક કલેક્ટર શ્રી ડૉ મોડિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાનની ટીમે આજે જે રીતે ધારાસભ્યોના રોષને ઠંડો પાડ્યો હતો તેને લઈ જિલ્લા તંત્રે 'ટીમ ગાંધીનગર' તરીકેની છાપ ઉભી કરી હતી જેને અધિકારીઓએ આવકારી હતી.

## સરકારને જણાવે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે દબાણો દૂર કરવામાં પણ રાજકીય દબાણ થતુ હોવાનો આક્ષેપ કર્યો હતો. આજની આ સંકલન સમિતિની બેઠકમાં જિલ્લાના પાંચમાંથી ચાર ધારાસભ્યોએ હાજરી આપી હતી. આજની બેઠકમાં જિલ્લાના ખાસ કરીને કલોલ-દહેગામના રજુ થયેલા પ્રશ્નો પર ચર્ચાઓ થઈ હતી અને ઝડપી ઉકેલ માટે તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

## રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના

જળ અને સ્વચ્છતા સમિત - રાણપુર (આ.વાસ), તાલુકો-ડીસા

રાણપર (આ.વાસ) મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ રાણપુર (આ.વાસ) દ્વારા તા. ૨૬/૧૨/૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી. તા. ૨/૧/૨૦૧૫ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિ-રાણપુર (આ.વાસ) તાલુકો : ડીસાને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રક કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી / યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી |
|---|---|---|
| ૧. | રાણપુર (આ.વાસ) તાલુકો : ડીસા સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ. | ૧) રૂ. ૭,૦૩,૪૭૦.૦૦ ૨) રૂ. ૬૦૦/- ૩) ઈ-૨ કલાસ તથા ઉપર |
| ૨ | રાણપુર (આ.વાસ) તાલુકો : ડીસા સ્વજલધારા યોજના હેઠળ હવાડાનું કામ | ૧) રૂ. ૩,૧૨,૯૦૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર |

ક્રમાંક : નામાનિ/પાલન/૪૧૫/૨૦૧૪-૧૫

## કાંટો કાઢવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્ય બે મિત્રોને પણ લીધા. પાર્ટી માટે રિક્ષામાં નભોઈ લાવ્યા અને ચિક્કાર દારૂ પીવડાવ્યો. અંતે ગળુ કાપીને લાશ નભોઈ કેનાલ બહાર ફેંકી દીધી અને લોહી ભીની રીક્ષા કેનાલના પાણીથી ધોઈને આરોપીઓ રેખાને મળી લગ્ન મંડપે જતા રહ્યા હતાં. જેના લગ્ન થયા તે અનિલ બીજા જ દિવસથી ગાયબ હતો તે જોઈને પોલીસને શંકા ગઈ...! તે ઉપરાંત તેના અન્ય બે મિત્રો પણ ગાયબ હતાં. જેથી શંકા પ્રબળ બની અને અનિલને પકડયો ત્યારે સમગ્ર રહસ્ય પરથી પડદો ઉંચકાયો હતો. પોલીસે દબાણ કરનાર પ્રેમીકા રેખાની પણ ધરપકડ કરી લઈને ફરાર આરોપીઓની શોધખોળ શરુ કરી છે.

ટચૂકડી જાહેર ખબર

**ડુપ્લેક્ષ વેચવાનું છે**

પેથાપુર ચાર રસ્તાથી ગાંધીનગર મેઈન રોડથી ૫૦ મીટરના અંતરે જીઈબી કોલોનીથી અડધા કિલોમીટરના લોકેશનમાં સંધ્યાગી આશ્રમ પાસે સિદ્ધિ વિનાયક બંગ્લો નજીક, શુભ બિઝનેશ પાર્કની બાજુમાં, બે ફેમીલી રહી શકે તેવું બાંધકામવાળું ડુપ્લેક્ષ ફર્નિચર સાથે વેચવાનું છે.

મો. : ૯૭૧૯૧ ૦૯૧૦૮

**ભાડે આપવાનું છે.**

2-BHKનું ટેનામેન્ટ ભાડે આપવાનું છે. શિવમ રેસીડેન્સી, મોટા ચિલોડા, ગાંધીનગર

મો. : ૯૯૯૮૯૬૯૯૦૦
૭૦૬૯૨૬૫૦૫૫